Extra No. 320

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, SEPTEMBER 3, 2025 / BHADRA 12, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૩જી જુલાઈ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૩૧/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૧૫૧/સેક્શન-જિ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Panchayats Elections Rules, 1994

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૩૧/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૧૫૧/સેક્શન-જિ:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ: ૧૧મી માર્ચ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૬૮/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૧૫૧/સેક્શન-જિ. હેઠળ તારીખ: ૧૨મી માર્ચ, ૨૦૨૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૧-એ, સેન્ટ્રલ સેક્શનમાં પાના ૩૦-૧ થી ૩૦-૧૬ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈપણ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫-ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ગુજરાત પંચાયત ચૂંટણી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૨-માં, પેટા-નિયમ (૧)માં, "નમૂના - ૪ મુજબના ઉમેદવારીપત્રની માંગણી કરનાર વ્યક્તિને તે આપવું જોઈશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તાલુકા અથવા જિલ્લા પંચાયત ચૂંટણી માટે નમૂના ૪ મુજબના ઉમેદવારીપત્રની અને ગ્રામ પંચાયતની ચૂંટણી માટે નમૂના - ૪(ક) મુજબના ઉમેદવારીપત્રની માંગણી કરનાર વ્યક્તિને તે આપવું જોઈશે" એ શબ્દો, આંકડા, અક્ષર અને કૌંસ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨-માં, પેટા-નિયમ (૨)માં, ત્રીજા પરંતુકમાં, "નવ સમર્થકો" એ શબ્દોને બદલે "દસ સમર્થકો" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫-માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ખ) કમી કરવો.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫-માં, પેટા-નિયમ (૭)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૭) આ નિયમના હેતુઓ માટે, કોઈ મતદાર વિભાગમાં જે તે સમયે અમલમાં હોય તેવી મતદાર યાદીમાં કરેલી નોંધની પ્રમાણિત નકલની રજૂઆત તે નોંધમાં જણાવેલા કોઈ મતદારના ચૂંટણીમાં ઊભા રહેવાના અથવા યથાપ્રસંગ, ઉમેદવારીપત્ર ભરવાના હકનો નિર્ણાયક પુરાવો ગણાશે, સિવાય કે ઉમેદવાર ચૂંટણીમાં હરીફાઈ કરવા માટે, અધિનિયમની કલમ ૨૮ની પેટા-કલમ (૨)ના અર્થ મુજબ ગેરલાયક થયો હોવાનું સાબિત થાય.".

૬. સદરહુ નિયમોમાં, "નમૂના-૪"ને બદલે, નીચેનો "નમૂનો-૪" મૂકવો:-

"નમૂનો-૪

(તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી)

(જુઓ નિયમ ૧૨(૧))

ઉમેદવારી પત્ર

_____ *તાલુકા જિલ્લા પંચાયતના _____ નંબરના મતદાર વિભાગની ચૂંટણી.

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૧

હું, આથી, _____ *તાલુકા/જિલ્લા પંચાયતના _____ નંબરના મતદાર વિભાગની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે શ્રી _____ના નામની દરખાસ્ત કરું છું.

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ઉમેદવારનું નામ _____ *પિતાનું/માતાનું/પતિનું નામ _____ _____ જાતિ (પુરૂષ અથવા સ્ત્રી) _____

પુરૂષ ઉમેદવારના કિસ્સામાં, ઉમેદવારનું પ્રથમ નામ _____ *પિતાનું/માતાનું નામ _____ _____ અટક _____

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, તેણી પરિણીત હોય, તો-

ઉમેદવારનું પ્રથમ નામ _____ પતિનું નામ _____ અટક _____ _____

ઉમેદવારનું લગ્ન પહેલાનું પ્રથમ નામ _____ *પિતાનું/માતાનું નામ _____ _____ અટક _____

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, તેણી અપરિણીત હોય, તો-

ઉમેદવારનું પ્રથમ નામ _____ *પિતાનું/માતાનું નામ _____ _____ અટક _____

તેનું/ તેણીનું ટપાલનું સરનામું _____ _____ _____

_____ મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં ભાગ નંબર _માં અનુક્રમ નંબર _____ પર તેનું/ તેણીનું નામ દાખલ કરેલું છે.

હું જાહેર કરું છું કે હું મતદાર છું અને _____ મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં ભાગ નંબર _____માં અનુક્રમ નંબર _____ પર મારું નામ દાખલ કર્યું છે અને હું આ ઉમેદવારી પત્ર ભર્યાના પ્રતીકરૂપે નીચે મારી સહી કરું છું.

હું, (નામ)_____ વધુમાં જાહેર કરું છું કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) હેઠળ હું લાયકાત ધરાવું છું.

તારીખ: ..... (દરખાસ્ત કરનારની સહી)

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૨

(*તાલુકા/ જિલ્લા પંચાયતના મતદાર વિભાગની ચૂંટણીમાં માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉમેદવાર ઊભો રખાયો ન હોય, ત્યારે ઉપયોગ કરવો)

આથી, અમે, ઉમેદવાર તરીકે ભાગ-૧માં જણાવેલી વ્યક્તિની ઉમેદવારીનું સમર્થન કરીએ છીએ. અમે જાહેર કરીએ છીએ કે અમે ..... *તાલુકા/જિલ્લા પંચાયતના મતદાર વિભાગ નંબર .....-ના મતદારો છીએ અને અમારા નામ મતદાર વિભાગની મતદાર યાદીમાં નીચે દર્શાવ્યા પ્રમાણે દાખલ કર્યા છે અને અમે આ ઉમેદવારી પત્ર ભર્યાના પ્રતીકરૂપે નીચે અમારી સહી કરીએ છીએ.

સમર્થકોની વિગતો અને તેમની સહીઓ.

અનુક્રમાંક	મતદાર વિભાગનું નામ અને નંબર	મતદાર યાદીનો ભાગ નંબર	તે ભાગનો અનુક્રમ નંબર	સમર્થકનું પૂરું નામ	સમર્થકની સહી	તારીખ
૧						
૨						
૩						
૪						
૫						
૬						
૭						
૮						
૯						
૧૦						

નોંધ: સમર્થકો તરીકે મતદાર વિભાગના દસ મતદારો હોવા જોઈશે.

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૩

(ઉમેદવારે ભરવું)

૧. ભાગ-૧માં જણાવેલ ઉમેદવાર, આ ઉમેદવારી પત્રને અનુમતિ આપે છે અને આથી, જાહેર કરે છે કે-

(ક) મને ..... વર્ષ પૂરાં થયા છે.

(નીચેના (ખ)(૧) અથવા (ખ)(૨) અથવા (ખ)(૩)-માંથી જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.)

(ખ) (૧) મને ..... રાજ્યમાં માન્ય હોય તેવા .....*રાષ્ટ્રીય પક્ષ/ રાજ્યના પક્ષ દ્વારા આ ચૂંટણીમાં ઊભો રાખવામાં આવ્યો છે અને ઉપરોક્ત પક્ષ માટે આરક્ષિત પદ મને ફાળવવું.

અથવા

(ખ) (૨) મને આ ચૂંટણીમાં ..... પક્ષ દ્વારા ઊભો રાખવામાં આવ્યો છે જે એક રજિસ્ટર થયેલો અમાન્ય રાજકીય પક્ષ છે અને મેં પસંદ કરેલા પ્રતીકો માટેનો પસંદગીનો ક્રમ નીચે મુજબ છે-

(૧) ..... (૨) ..... (૩) .....

અથવા

(ખ) (૩) હું અપક્ષ (સ્વતંત્ર) ઉમેદવાર તરીકે આ ચૂંટણી લડી રહ્યો છું અને મેં પસંદ કરેલા પ્રતીકો માટેનો પસંદગીનો ક્રમ નીચે મુજબ છે-

(૧) ..... (૨) ..... (૩) .....

(ગ) મારું નામ અને મારા *પિતાનું/માતાનું/પતિનું નામ ..... (ભાષાનું નામ)માં ઉપર સાચી રીતે લખવામાં આવેલ છે.

(ઘ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ..... *તાલુકા/જિલ્લા પંચાયતમાં પંચાયતની બેઠક ભરવા માટે પસંદ થવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૨) હેઠળ હું લાયકાત ધરાવું છું.

(ચ) હું *અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો સભ્ય છું અને .... સક્ષમ સત્તાધિકારી દ્વારા આ અર્થે ..... તારીખે કાઢી આપેલું પ્રમાણપત્ર આ સાથે જોડ્યું છે.

((ચ) લાગુ પડતો ન હોય તો છેકી નાખવો.)

૨. હું વધુમાં જાહેર કરું છું કે-

(નીચેના (૧) અથવા (૨)-માંથી જે કંઈ લાગુ પડતું ન હોય છેકી નાખવું.)

(ક) આ ઉમેદવારી પત્ર ઉપરાંત, મેં હાલમાં ..... *તાલુકા/જિલ્લા પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મિડ-ટર્મ (મધ્યસત્ર) ચૂંટણીમાં કોઈ અન્ય મતદાર વિભાગમાં ઉમેદવારી પત્ર ભરેલ નથી.

અથવા

(ક) આ ઉમેદવારી પત્ર ઉપરાંત, મેં હાલમાં ..... *તાલુકા/જિલ્લા પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મિડ-ટર્મ (મધ્યસત્ર) ચૂંટણીમાં કોઈ અન્ય મતદાર વિભાગ (નંબર અને નામ)ની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરેલ છે.

(ખ) મેં, હાલમાં ..... *તાલુકા/જિલ્લા પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મિડ-ટર્મ (મધ્યસત્ર) ચૂંટણીમાં બે કરતા વધુ મતદાર વિભાગમાંથી ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્ર ભરવાની માંગણી કરી નથી.

તારીખ: ..... (ઉમેદવારની સહી)

સ્પષ્ટીકરણ: "રજિસ્ટર થયેલો રાજકીય પક્ષ" અને "માન્ય રાજકીય પક્ષ" નો અર્થ, વખતોવખત સુધાર્યા મુજબના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી (અનામત અને ચૂંટણી પ્રતીકોની ફાળવણી બાબત) હુકમ, ૨૦૧૨માં અનુક્રમે વ્યાખ્યાયિત કર્યા મુજબનો થશે.

ભાગ-૪

(ચૂંટણી અધિકારીએ ભરવું)

ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર _____

આ ઉમેદવારી પત્ર _____ (તારીખે) _____ (કલાકે) *ઉમેદવાર/દરખાસ્ત કરનાર દ્વારા મને મારી કચેરી ખાતે સોંપેલ છે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૫

(ઉમેદવારી પત્રનો સ્વીકાર અથવા અસ્વીકાર કરતો ચૂંટણી અધિકારીનો નિર્ણય)

મેં ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૧૫ અનુસાર આ ઉમેદવારી પત્રની ચકાસણી કરી છે અને નીચે પ્રમાણે નિર્ણય કર્યો છે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

ભાગ-૬

(ઉમેદવારી પત્ર રજૂ કરનાર વ્યક્તિને ઉમેદવારી પત્રની પહોંચ અને ચકાસણીની નોટિસ આપવા બાબત.)

ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર _____

_____ *તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયતના મતદાર વિભાગ નંબર _____ નામ _____-ની ચૂંટણી માટેના ઉમેદવાર શ્રી _____નું ઉમેદવારી પત્ર, *ઉમેદવારે/દરખાસ્ત કરનારે મને _____ (તારીખે) _____ (કલાકે) મારી કચેરીએ પહોંચાડ્યું હતું. તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી _____ (સ્થળે) _____ _____ (તારીખે) _____ (કલાકે) શરૂ કરવામાં આવશે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૭

(ઉમેદવારે ભરવું)

ઉમેદવાર -

(૧) (ક) કલમ ૩૦ હેઠળના ગુના(ઓ)થી દોષિત ઠરેલ છે કે કેમ; અથવા

(ખ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦-ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા કોઈ કાયદાના ઉલ્લંઘન માટે દોષિત ઠરેલ છે કે કેમ; અથવા

(૨) તેને બે વર્ષ અથવા તેથી વધારે સમય કેદની સજા થયેલ હોય તેવા કોઈ અન્ય ગુના(ઓ) માટે દોષિત ઠરેલ છે કે કેમ.

ઉત્તર "હા" હોય તો ઉમેદવારે નીચેની માહિતી રજૂ કરવી જોઈશે -

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો _____

(૨) પોલીસ સ્ટેશન (સ્ટેશનો) _____ જિલ્લો (જિલ્લા) _____

રાજ્ય (રાજ્યો) _____

(૩) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ (કલમો) અને જે ગુના(ઓ) માટે તેને દોષિત ઠરાવવામાં આવ્યો હોય તે ગુના(ઓ)નું સંક્ષિપ્ત વર્ણન _____

_____

(૪) એક વખત (એકથી વધુ વખત) દોષિત ઠર્યાની તારીખ (તારીખો) _____

(૫) ઉમેદવારને દોષિત ઠરાવ્યો હોય તે કોર્ટ (કોર્ટો) _____

(૬) કરવામાં આવેલી સજા(ઓ)- કેદ (એકથી વધુ વખતની કેદ)ની મુદત અને/અથવા દંડ (એકથી વધુ વખતના દંડ)નું પ્રમાણ જણાવવી/જણાવવું _____

_____

(૭) કેદમાંથી મુક્તિની તારીખ (તારીખો) _____

(૮) ઉપરની ગુનાસાબિતી (એકથી વધુ વખતની ગુનાસાબિતી)ની વિરુદ્ધ કોઈ અપીલ (અપીલો)/ફેરતપાસ (ફેરતપાસો) દાખલ કરવામાં આવી હતી _____ હા/ના

(૯) દાખલ કરેલ ફેરતપાસ માટેની અપીલ (અપીલો)/ અરજી(ઓ)ની તારીખ અને વિગતો _____

_____

(૧૦) જેની સમક્ષ ફેરતપાસ માટેની અપીલ (અપીલો)/અરજી(ઓ) દાખલ કરેલ હોય તે કોર્ટ (કોર્ટો)નું નામ

_____

_____

(૧૧) ફેરતપાસ માટેની સદરહુ અપીલ (અપીલો) અથવા અરજી(ઓ)નો નિકાલ કરવામાં આવ્યો છે કે કેમ અથવા પડતર છે કે કેમ ___

_____

_____

(૧૨) ફેરતપાસ માટેની સદરહુ અપીલ (અપીલો) અથવા અરજી(ઓ)નો નિકાલ કરવામાં આવ્યો હોય, તો -

(ક) નિકાલની તારીખ (તારીખો) _____

(ખ) પસાર કરેલા હુકમ (હુકમો)નો પ્રકાર _____

_____

સ્થળ: .....

તારીખ: ..... (ઉમેદવારની સહી)

ભાગ-૮

..... જિલ્લા/તાલુકામાંથી ..... (પંચાયતનું નામ)ની ચૂંટણી માટે ઉમેદવારે, ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું સોગંદનામું.

હું, ..., ... નો પુત્ર/પુત્રી/પત્ની, ઉમર આશરે ..... વર્ષ, ...-નો રહેવાસી, ઉપરની ચૂંટણીનો ઉમેદવાર, આથી, નીચે પ્રમાણે પ્રતિજ્ઞા લઉ છું:-

૧. હું, સક્ષમ હકૂમત ધરાવતી કોર્ટ (કોર્ટો) દ્વારા આરોપ (આરોપો) મૂકવામાં આવ્યો/આવ્યા હોય તેવા કોઇ પડતર કેસ (કેસો)માં બે વર્ષ અથવા તેથી વધુ વર્ષની કેદની સજા થઇ શકે તેવા કોઇપણ ગુના(ઓ)નો આરોપી છું/નથી.

સોગંદનામું કરનાર વ્યક્તિ, આવા કોઇ ગુના(ઓ)નો આરોપી હોય, તો તેણે નીચેની માહિતી રજૂ કરવી જોઇશે:-

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો _____

(૨) પોલીસ સ્ટેશન (સ્ટેશનો) _____ જિલ્લો (જિલ્લા) _____

રાજ્ય (રાજ્યો) _____

(૩) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ (કલમો) અને જે ગુના(ઓ) માટે તેના પર આરોપ મૂકવામાં આવ્યો હોય તે ગુના(ઓ)નું સંક્ષિપ્ત વર્ણન _____

_____

(૪) આરોપ (આરોપો) મૂક્યો/મૂક્યા હોય તે કોર્ટ (કોર્ટો) _____

(૫) જે તારીખે (તારીખોએ) આરોપ (આરોપો) મૂક્યો/મૂક્યા હોય તે તારીખ (તારીખો)_____

_____

(૬) સક્ષમ હકૂમત ધરાવતી કોઇ કોર્ટ (કોર્ટો) દ્વારા તમામ અથવા કોઇ કાર્યવાહી(ઓ) પર મનાઇ કરવામાં આવી છે કે કેમ

_____

_____

૨. મને, (ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦માં ઉલ્લેખેલા ગુના સિવાયના) કોઇ ગુના(ઓ) માટે દોષિત ઠરાવવામાં આવ્યો છે/ આવ્યો નથી અને એક વર્ષ અથવા તેથી વધારે વર્ષ માટે કેદની શિક્ષા કરવામાં આવી છે/આવી નથી.

સોગંદનામું કરનાર વ્યક્તિને, ઉપર્યુક્ત મુજબ દોષિત ઠરાવવામાં આવ્યો હોય અને સજા કરવામાં આવી હોય, તો તેણે નીચેની માહિતી પૂરી પાડવી જોઇશે:

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો _____

(૨) સજા કરી હોય તે કોર્ટ (કોર્ટો) _____

(૩) પોલીસ સ્ટેશન (સ્ટેશનો) _____ જિલ્લો (જિલ્લા) _____

રાજ્ય (રાજ્યો) _____

(૪) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ (કલમો) અને જે ગુના(ઓ) માટે તેના પર કોઇ વખત આરોપ મૂકવામાં આવ્યો હોય તે ગુના(ઓ)નું સંક્ષિપ્ત વર્ણન _____

_____

(૫) જે તારીખે (તારીખોએ) સજા(ઓ) જાહેર કરવામાં આવી હોય તે તારીખ (તારીખો)

_____

(૬) સક્ષમ હકૂમત ધરાવતી કોઇ કોર્ટ (કોર્ટો) દ્વારા સજા(ઓ) પર મનાઇ કરવામાં આવી છે કે કેમ_____

_____

ભાગ-૯

(ઉમેદવારે ભરવું)

૧. હું, અહીં નીચે મારી, મારા પતિ/પત્ની અને મારા *આશ્રિતોની મિલકત (સ્થાવર, જંગમ, બેન્ક બેલેન્સ, વગેરે)ની વિગતો આપું છું.

ક. જંગમ મિલકતની વિગતો.-

(સંયુક્ત માલિકીનું ક્ષેત્રફળ દર્શાવતી સંયુક્ત નામવાળી મિલકતોની પણ બાંયધરી આપવી પડશે.)

અનુક્રમાંક	વિગત	પોતે	પતિ/ પત્ની(ઓ)-નું/ના નામ (નામો)	આશ્રિત-૧નું નામ	આશ્રિત-૨નું નામ	આશ્રિત-૩, વગેરેનું નામ
(૧)	રોકડ					
(૨)	બેન્ક, નાણાકીય સંસ્થાઓ અને બિન-શરાફી નાણાકીય કંપનીઓમાં થાપણો					
(૩)	કંપનીઓમાં બૉન્ડ્સ, ડિબેન્ચર્સ અને શેર્સ					
(૪)	એનએસએસ, પોસ્ટલ સેવિંગ્સ (બચત), એલઆઈસી, પોલિસીઓ, વગેરે જેવા અન્ય નાણાકીય ખતો					
(૫)	મોટર વાહનો (બનાવટના પ્રકારની વિગતો, વગેરે)					
(૬)	ઝવેરાત (વજન અને મૂલ્યની વિગતો આપવી)...					
(૭)	બીજી મિલકતો, જેવી કે, દાવા/વ્યાજના મૂલ્યો.					

નોંધ:- બૉન્ડ્સ, ડિબેન્ચર્સ અને શેર્સ-નું મૂલ્ય, સૂચિબદ્ધ (લિસ્ટેડ) કંપનીઓના સંબંધમાં, શેરબજાર (સ્ટૉક એક્સચેન્જ)માં પ્રવર્તમાન બજાર મૂલ્ય પ્રમાણે અને બિન-સૂચિબદ્ધ (નોન-લિસ્ટેડ) કંપનીઓના કિસ્સામાં, અંકિત મૂલ્યો પ્રમાણે આપવું જોઈશે.

* આશ્રિત એટલે ઉમેદવારની આવક પર મુખ્યત્વે આધારિત હોય તેવી વ્યક્તિ.

ખ. સ્થાવર મિલકતની વિગતો.-

(નોંધ: સંયુક્ત માલિકીનું ક્ષેત્રફળ દર્શાવતી સંયુક્ત માલિકીવાળી મિલકતો પણ દર્શાવવી પડશે.)

અનુક્રમાંક	વિગત	પોતે	પતિ/ પત્ની (ઓ)-નું નામ (નામો)	આશ્રિત-૧નું નામ	આશ્રિત-૨નું નામ	આશ્રિત-૩, વગેરેનું નામ
(૧)	ખેતીની જમીન -સ્થળ (સ્થળો) -સરવે નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૨)	બિન-ખેતીની જમીન -સ્થળ (સ્થળો) -સરવે નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૩)	ઈમારતો (વાણિજ્યિક અને રહેણાક)					

અનુક્રમાંક	વિગત	પોતે	પતિ/ પત્ની (ઓ)-નું નામ (નામો)	આશ્રિત-૧નું નામ	આશ્રિત-૨નું નામ	આશ્રિત-૩, વગેરેનું નામ
	-સ્થળ (સ્થળો) -સરવે/દરવાજા નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય.					
(૪)	મકાનો (ઘરો)/એપાર્ટમેન્ટ્સ, વગેરે. -સ્થળ (સ્થળો) -સરવે/દરવાજા નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૫)	અન્ય ભાગો (જેમ કે, મિલકતમાં વ્યાજ)					

૨. હું, જાહેર નાણાકીય સંસ્થાઓ અને સરકારી લેણાં માટે મારી જવાબદારીઓ/બાકી નીકળતી રકમની વિગતો અહીં નીચે આપું છું:-

(નોંધ: દરેક બાબત માટે અલગ વિગતો આપવી.)

અનુક્રમાંક	વિગત	બેન્કો/નાણાકીય સંસ્થા(ઓ)/વિભાગ-નું નામ અને સરનામું	..... ના રોજ બાકીની રકમ
(ક)	(૧) બેન્ક પાસેથી લોન		
	(૨) નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન		
	(૩) (આવકવેરા અને સંપત્તિ વેરા સિવાયના અન્ય) સરકારી લેણાં (કોઈ જાહેર હોદ્દો ધરાવતા હોય અથવા ધરાવેલ હોય તેવા કિસ્સામાં, કોઈ લેણાં બાકી નથી તેવું પ્રમાણપત્ર જોડવું.)		
(ખ)	(૧) અધિક કર સહિત આવકવેરો (જે આકારણી વર્ષ સુધી આવક વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું.): કાયમી ખાતા નંબર (PAN) પણ આપવો.		
	(૨) સંપત્તિ વેરો (જે આકારણી વર્ષ સુધી સંપત્તિ વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું.)		
	(૩) વેચાણવેરો (ફક્ત ખાનગી માલિકીના ધંધાના કિસ્સામાં)		
	(૪) મિલકત વેરો		

૩. મારી શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે:-

(શાળા અને યુનિવર્સિટી શિક્ષણની વિગતો આપવી.)

(શાળા/યુનિવર્સિટીનું નામ અને જે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો તે વર્ષ પણ આપવું જોઈશે.)

સ્થળ: .....

તારીખ: ..... (સોગંદનામું કરનારની સહી)

ખરાઈ

હું, ઉપર ઉલ્લેખ કરેલ સોગંદનામું કરનાર, આથી, ખરાઈ કરું છું અને જાહેર કરું છું કે આ સોગંદનામાની વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે, તેનો કોઈપણ ભાગ ખોટો નથી અને તેમાં કોઈપણ મહત્વપૂર્ણ બાબત છુપાવવામાં આવી નથી.

સન ૨૦.....ના ..... (મહિના)ની ..... તારીખે, ... ખાતે ખરાઈ કરેલ છે.

સ્થળ: .....

તારીખ: ..... (સોગંદનામું કરનારની સહી)

નોંધ: આ નમૂનામાં સોગંદનામું કરનારને લાગુ પડતી ન હોય તેવી કોલમો છેકી શકાશે.".

૭. સદરહુ નિયમોમાં, "નમૂના-૪" પછી, નીચેનો "નમૂનો - ૪(ક)" દાખલ કરવો:-

"નમૂનો - ૪(ક)

(ગ્રામ પંચાયતની ચૂંટણી)

(જુઓ નિયમ ૧૨(૧))

ઉમેદવારી પત્ર

*_____ ગ્રામ પંચાયતના _____ વોર્ડ નંબરની ચૂંટણી.

*_____ ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી.

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૧

હું, આથી, _____ *ગ્રામ પંચાયતના વોર્ડ નંબર _____ની ચૂંટણી / _____ _____ ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી માટે ઉમેદવાર તરીકે શ્રી _____ના નામની દરખાસ્ત કરું છું.

ઉમેદવારનું નામ _____ *પિતાનું/માતાનું/પતિનું નામ _____ _____ જાતિ (પુરૂષ અથવા સ્ત્રી) _____

પુરૂષ ઉમેદવારના કિસ્સામાં, ઉમેદવારનું પ્રથમ નામ _____ *પિતાનું/માતાનું નામ _____ _____ અટક _____

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, તેણી પરિણીત હોય, તો-

ઉમેદવારનું પ્રથમ નામ _____ પતિનું નામ _____ અટક _____ _____

ઉમેદવારનું લગ્ન પહેલાનું પ્રથમ નામ _____ *પિતાનું/માતાનું નામ _____ _____ અટક _____

સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, તેણી અપરિણીત હોય, તો-

ઉમેદવારનું પ્રથમ નામ _____ *પિતાનું/માતાનું નામ _____ _____ અટક _____

તેનું/ તેણીનું ટપાલનું સરનામું _____ _____ _____

ગ્રામ પંચાયતના _____ વોર્ડ નંબર માટેની મતદાર યાદીમાં ભાગ નંબર _____માં અનુક્રમ નંબર _____ પર તેનું/ તેણીનું નામ દાખલ કરેલું છે.

હું જાહેર કરું છું કે હું મતદાર છું અને _____ વોર્ડ નંબર માટેની મતદાર યાદીમાં ભાગ નંબર _____માં અનુક્રમ નંબર _____ પર મારું નામ દાખલ કર્યું છે અને હું આ ઉમેદવારી પત્ર ભર્યાના પ્રતીકરૂપે નીચે મારી સહી કરું છું.

હું, (નામ) _____ વધુમાં જાહેર કરું છું કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) હેઠળ હું લાયકાત ધરાવું છું.

તારીખ: ..... (દરખાસ્ત કરનારની સહી)

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૨

(ગ્રામ પંચાયતની ચૂંટણી માટે લાગુ પડતું નથી.)

ભાગ-૩

(ઉમેદવારે ભરવું)

૧. ભાગ-૧માં જણાવેલ ઉમેદવાર, આ ઉમેદવારી પત્રને અનુમતિ આપે છે અને આથી, જાહેર કરે છે કે-

(ક) મને ..... વર્ષ પૂરાં થયા છે.

(ખ) હું ઉમેદવાર તરીકે આ ચૂંટણી લડી રહ્યો છું અને મેં પસંદ કરેલા પ્રતીકો માટેનો પસંદગીનો ક્રમ નીચે મુજબ છે-

(૧) ..... (૨) ..... (૩) .....

(ગ) મારું નામ અને મારા *પિતાનું/માતાનું/પતિનું નામ ..... (ભાષાનું નામ)માં ઉપર સાચી રીતે લખવામાં આવેલ છે.

(ઘ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ..... *ગ્રામ પંચાયત/ ..... ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દા-ની બેઠક ભરવા માટે પસંદ થવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૮ની પેટા-કલમ (૨) હેઠળ હું લાયકાત ધરાવું છું.

(ચ) હું *અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો સભ્ય છું અને ..... સક્ષમ સત્તાધિકારી દ્વારા આ અર્થે ..... તારીખે કાઢી આપેલું પ્રમાણપત્ર આ સાથે જોડ્યું છે.

((ચ) લાગુ પડતો ન હોય તો છેકી નાખવો.)

૨. હું વધુમાં જાહેર કરું છું કે-

(નીચેના (૧) અથવા (૨)-માંથી જે કંઈ લાગુ પડતું ન હોય છેકી નાખવું.)

(૧) આ ઉમેદવારી પત્ર ઉપરાંત, મેં હાલમાં ..... ગ્રામ પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મિડ-ટર્મ (મધ્યસત્ર) ચૂંટણીમાં કોઈ અન્ય વોર્ડમાં ઉમેદવારી પત્ર ભરેલ નથી.

અથવા

(૧) આ ઉમેદવારી પત્ર ઉપરાંત, મેં હાલમાં ..... ગ્રામ પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મિડ-ટર્મ (મધ્યસત્ર) ચૂંટણીમાં ..... વોર્ડ (નંબર અને નામ)ની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરેલ છે.

(૨) મેં, હાલમાં ..... ગ્રામ પંચાયતની સાથોસાથ હાથ ધરાતી *સામાન્ય/પેટા/મિડ-ટર્મ (મધ્યસત્ર) ચૂંટણીમાં બે કરતા વધુ વોર્ડમાંથી ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્ર ભરવાની માંગણી કરી નથી.

તારીખ: ..... (ઉમેદવારની સહી)_____

ભાગ-૪

(ચૂંટણી અધિકારીએ ભરવું)

ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર _____

આ ઉમેદવારી પત્ર _____ (તારીખે) _____ (કલાકે) *ઉમેદવાર/દરખાસ્ત કરનાર દ્વારા મને મારી કચેરી ખાતે સોંપેલ છે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૫

(ઉમેદવારી પત્રનો સ્વીકાર અથવા અસ્વીકાર કરતો ચૂંટણી અધિકારીનો નિર્ણય)

મેં ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૧૫ અનુસાર આ ઉમેદવારી પત્રની ચકાસણી કરી છે અને નીચે પ્રમાણે નિર્ણય કર્યો છે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

ભાગ-૬

(ઉમેદવારી પત્ર રજૂ કરનાર વ્યક્તિને ઉમેદવારી પત્રની પહોંચ અને ચકાસણીની નોટિસ આપવા બાબત.)

ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર _____

_____ *ગ્રામ પંચાયતના વોર્ડ નંબર __/ _____ ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દા-ની ચૂંટણી માટેના ઉમેદવાર શ્રી _____નું ઉમેદવારી પત્ર, *ઉમેદવારે/દરખાસ્ત કરનારે મને _____ (તારીખે) ____ (કલાકે) મારી કચેરીએ પહોંચાડ્યું હતું. તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી _____ (સ્થળે) _____ _____(તારીખે) _____ (કલાકે) શરૂ કરવામાં આવશે.

તારીખ: ..... (ચૂંટણી અધિકારી)

* જે કંઈ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

ભાગ-૭

(ઉમેદવારે ભરવું)

ઉમેદવાર -

(૧) (ક) કલમ ૩૦ હેઠળના ગુના(ઓ)થી દોષિત ઠરેલ છે કે કેમ; અથવા

(ખ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦-ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા કોઈ કાયદાના ઉલ્લંઘન માટે દોષિત ઠરેલ છે કે કેમ; અથવા

(૨) તેને બે વર્ષ અથવા તેથી વધારે સમય કેદની સજા થયેલ હોય તેવા કોઈ અન્ય ગુના(ઓ) માટે દોષિત ઠરેલ છે કે કેમ.

ઉત્તર "હા" હોય તો ઉમેદવારે નીચેની માહિતી રજૂ કરવી જોઈશે -

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો _____

(૨) પોલીસ સ્ટેશન (સ્ટેશનો) _____ જિલ્લો (જિલ્લા) _____

રાજ્ય (રાજ્યો) _____

(૩) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ (કલમો) અને જે ગુના(ઓ) માટે તેને દોષિત ઠરાવવામાં આવ્યો હોય તે ગુના(ઓ)નું સંક્ષિપ્ત વર્ણન _____

_____

(૪) એક વખત (એકથી વધુ વખત) દોષિત ઠર્યાની તારીખ (તારીખો) _____

(૫) ઉમેદવારને દોષિત ઠરાવ્યો હોય તે કોર્ટ (કોર્ટો) _____

(૬) કરવામાં આવેલી સજા(ઓ)- કેદ (એકથી વધુ વખતની કેદ)ની મુદત અને/અથવા દંડ (એકથી વધુ વખતના દંડ)નું પ્રમાણ જણાવવી/જણાવવું _____

_____

(૭) કેદમાંથી મુક્તિની તારીખ (તારીખો) _____

(૮) ઉપરની ગુનાસાબિતી (એકથી વધુ વખતની ગુનાસાબિતી)ની વિરુદ્ધ કોઇ અપીલ (અપીલો)/ફેરતપાસ (ફેરતપાસો) દાખલ કરવામાં આવી હતી _____ હા/ના

(૯) દાખલ કરેલ ફેરતપાસ માટેની અપીલ (અપીલો)/ અરજી(ઓ)ની તારીખ અને વિગતો _____

_____

(૧૦) જેની સમક્ષ ફેરતપાસ માટેની અપીલ (અપીલો)/અરજી(ઓ) દાખલ કરેલ હોય તે કોર્ટ (કોર્ટો)નું નામ

_____

_____

(૧૧) ફેરતપાસ માટેની સદરહુ અપીલ (અપીલો)/અરજી(ઓ)નો નિકાલ કરવામાં આવ્યો છે કે કેમ અથવા પડતર છે કે કેમ _____

_____

_____

(૧૨) ફેરતપાસ માટેની સદરહુ અપીલ (અપીલો)/અરજી(ઓ)નો નિકાલ કરવામાં આવ્યો હોય, તો -

(ક) નિકાલની તારીખ (તારીખો) _____

(ખ) પસાર કરેલા હુકમ (હુકમો)નો પ્રકાર _____

_____

સ્થળ: .....

તારીખ: ..... (ઉમેદવારની સહી)

ભાગ-૮

..... જિલ્લા/તાલુકામાંથી ..... (પંચાયતનું નામ)ની ચૂંટણી માટે ઉમેદવારે, ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું સોગંદનામું.

હું, ..., ... નો પુત્ર/પુત્રી/પત્ની, ઉમર આશરે ..... વર્ષ, ...-નો રહેવાસી, ઉપરની ચૂંટણીનો ઉમેદવાર, આથી, નીચે પ્રમાણે ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લઉ છું અને જાહેર કરું છું:-

૧. હું, સક્ષમ હકૂમત ધરાવતી કોર્ટ (કોર્ટો) દ્વારા આરોપ (આરોપો) મૂકવામાં આવ્યો/આવ્યા હોય તેવા કોઇ પડતર કેસ (કેસો)માં બે વર્ષ અથવા તેથી વધુ વર્ષની કેદની સજા થઇ શકે તેવા કોઇપણ ગુના(ઓ)નો આરોપી છું/નથી.

સોગંદનામું કરનાર વ્યક્તિ, આવા કોઇ ગુના(ઓ)નો આરોપી હોય, તો તેણે નીચેની માહિતી રજૂ કરવી જોઇશે:-

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો _____

(૨) પોલીસ સ્ટેશન (સ્ટેશનો) _____ જિલ્લો (જિલ્લા) _____

રાજ્ય (રાજ્યો) _____

(૩) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ (કલમો) અને જે ગુના(ઓ) માટે તેના પર આરોપ મૂકવામાં આવ્યો હોય તે ગુના(ઓ)નું સંક્ષિપ્ત વર્ણન _____

_____

(૪) આરોપ (આરોપો) મૂક્યો/મૂક્યા હોય તે કોર્ટ (કોર્ટો) _____

(૫) જે તારીખે (તારીખોએ) આરોપ (આરોપો) મૂક્યો/મૂક્યા હોય તે તારીખ (તારીખો)_____

_____

(૬) સક્ષમ હકૂમત ધરાવતી કોઇ કોર્ટ (કોર્ટો) દ્વારા તમામ અથવા કોઇ કાર્યવાહી(ઓ) પર મનાઇ કરવામાં આવી છે કે કેમ

_____

_____

૨. મને, (ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩૦માં ઉલ્લેખેલા ગુના સિવાયના) કોઇ ગુના(ઓ) માટે દોષિત ઠરાવવામાં આવ્યો છે/ આવ્યો નથી અને એક વર્ષ અથવા તેથી વધારે વર્ષ માટે કેદની શિક્ષા કરવામાં આવી છે/આવી નથી.

સોગંદનામું કરનાર વ્યક્તિને, ઉપર્યુક્ત મુજબ દોષિત ઠરાવવામાં આવ્યો હોય અને સજા કરવામાં આવી હોય, તો તેણે નીચેની માહિતી પૂરી પાડવી જોઇશે:

(૧) કેસ/પ્રથમ માહિતી અહેવાલ નંબર/નંબરો _____

(૨) સજા કરી હોય તે કોર્ટ (કોર્ટો) _____

(૩) પોલીસ સ્ટેશન (સ્ટેશનો) _____ જિલ્લો (જિલ્લા) _____

રાજ્ય (રાજ્યો) _____

(૪) સંબંધિત અધિનિયમ (અધિનિયમો)ની કલમ (કલમો) અને જે ગુના(ઓ) માટે તેના પર કોઇ વખત આરોપ મૂકવામાં આવ્યો હોય તે ગુના(ઓ)નું સંક્ષિપ્ત વર્ણન _____

_____

(૫) જે તારીખે (તારીખોએ) સજા(ઓ) જાહેર કરવામાં આવી હોય તે તારીખ (તારીખો)

_____

(૬) સક્ષમ હકૂમત ધરાવતી કોઇ કોર્ટ (કોર્ટો) દ્વારા સજા(ઓ) પર મનાઇ કરવામાં આવી છે કે કેમ_____

_____

ભાગ-૯

(ઉમેદવારે ભરવું)

૧. હું, અહીં નીચે મારી, મારા પતિ/પત્ની અને મારા *આશ્રિતોની મિલકત (સ્થાવર, જંગમ, બેન્ક બેલેન્સ, વગેરે)ની વિગતો આપું છું.

ક. જંગમ મિલકતની વિગતો.-

(સંયુક્ત માલિકીનું ક્ષેત્રફળ દર્શાવતી સંયુક્ત નામવાળી મિલકતોની પણ બાંયધરી આપવી

અનુક્રમાંક	**વિગત**	**પોતે**	**પતિ/ પત્ની(ઓ)-નું/ના નામ (નામો)**	**આશ્રિત-૧નું નામ**	**આશ્રિત-૨નું નામ**	**આશ્રિત-૩, વગેરેનું નામ**
(૧)	રોકડ					
(૨)	બેન્ક, નાણાકીય સંસ્થાઓ અને બિન-શરાફી નાણાકીય કંપનીઓમાં થાપણો					
(૩)	કંપનીઓમાં બૉન્ડ્સ, ડિબેન્ચર્સ અને શેર્સ					
(૪)	એનએસએસ, પોસ્ટલ સેવિંગ્સ (બચત), એલઆઇસી, પોલિસીઓ, વગેરે જેવા અન્ય નાણાકીય ખતો					
(૫)	મોટર વાહનો (બનાવટના પ્રકારની વિગતો, વગેરે)					

(૬)	ઝવેરાત (વજન અને મૂલ્યની વિગતો આપવી)...					
(૭)	બીજી મિલકતો, જેવી કે, દાવા/વ્યાજના મૂલ્યો.					

નોંધ:- બૉન્ડ્સ, ડિબેન્ચર્સ અને શેર્સ-નું મૂલ્ય, સૂચિબદ્ધ (લિસ્ટેડ) કંપનીઓના સંબંધમાં, શેરબજાર (સ્ટૉક એક્સચેન્જ)માં પ્રવર્તમાન બજાર મૂલ્ય પ્રમાણે અને બિન-સૂચિબદ્ધ (નોન-લિસ્ટેડ) કંપનીઓના કિસ્સામાં, અંકિત મૂલ્યો પ્રમાણે આપવું જોઈશે.

* આશ્રિત એટલે ઉમેદવારની આવક પર મુખ્યત્વે આધારિત હોય તેવી વ્યક્તિ.

ખ. સ્થાવર મિલકતની વિગતો.-

(નોંધ: સંયુક્ત માલિકીનું ક્ષેત્રફળ દર્શાવતી સંયુક્ત માલિકીવાળી મિલકતો પણ દર્શાવવી પડશે.)

અનુક્રમાંક	**વિગત**	**પોતે**	**પતિ/ પત્ની (ઓ)-નું નામ (નામો)**	**આશ્રિત-૧નું નામ**	**આશ્રિત-૨નું નામ**	**આશ્રિત-૩, વગેરેનું નામ**
(૧)	ખેતીની જમીન -સ્થળ (સ્થળો) -સરવે નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૨)	બિન-ખેતીની જમીન -સ્થળ (સ્થળો) -સરવે નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૩)	ઈમારતો (વાણિજ્યિક અને રહેણાક) -સ્થળ (સ્થળો) -સરવે/દરવાજા નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય.					
(૪)	મકાનો (ઘરો)/એપાર્ટમેન્ટ્સ, વગેરે. -સ્થળ (સ્થળો) -સરવે/દરવાજા નંબર (નંબરો) -ક્ષેત્રફળ (કુલ માપ) -વર્તમાન બજાર મૂલ્ય					
(૫)	અન્ય ભાગો (જેમ કે, મિલકતમાં વ્યાજ)					

૨. હું, જાહેર નાણાકીય સંસ્થાઓ અને સરકારી લેણાં માટે મારી જવાબદારીઓ/બાકી નીકળતી રકમની વિગતો અહીં નીચે આપું છું:-

(નોંધ: દરેક બાબત માટે અલગ વિગતો આપવી.)

અનુક્રમાંક	**વિગત**	**બેન્કો/નાણાકીય સંસ્થા(ઓ)/વિભાગ-નું નામ અને સરનામું**	**..... ના રોજ બાકીની રકમ**
(ક)	(૧) બેન્ક પાસેથી લોન		
	(૨) નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન		

	(૩) (આવકવેરા અને સંપત્તિ વેરા સિવાયના અન્ય) સરકારી લેણાં (કોઈ જાહેર હોદ્દો ધરાવતા હોય અથવા ધરાવેલ હોય તેવા કિસ્સામાં, કોઈ લેણાં બાકી નથી તેવું પ્રમાણપત્ર જોડવું.)		
(ખ)	(૧) અધિક કર સહિત આવકવેરો (જે આકારણી વર્ષ સુધી આવક વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું.): કાયમી ખાતા નંબર (PAN) પણ આપવો.		
	(૨) સંપત્તિ વેરો (જે આકારણી વર્ષ સુધી સંપત્તિ વેરા પત્રક રજૂ કરવામાં આવ્યું હોય તે આકારણી વર્ષ પણ દર્શાવવું.)		
	(૩) વેચાણવેરો (ફક્ત ખાનગી માલિકીના ધંધાના કિસ્સામાં)		
	(૪) મિલકત વેરો		

૩. મારી શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે:-

(શાળા અને યુનિવર્સિટી શિક્ષણની વિગતો આપવી.)

(શાળા/યુનિવર્સિટીનું નામ અને જે વર્ષમાં અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો તે વર્ષ પણ આપવું જોઈશે.)

સ્થળ: .....

તારીખ: ..... (એકરાર કરનારની સહી)

ખરાઈ

હું, ઉપર ઉલ્લેખ કરેલ એકરાર કરનાર, આથી, ખરાઈ કરું છું અને જાહેર કરું છું કે આ એકરારની વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે, તેનો કોઈપણ ભાગ ખોટો નથી અને તેમાં કોઈપણ મહત્વપૂર્ણ બાબત છુપાવવામાં આવી નથી.

સન ૨૦.....ના ..... (મહિના)ની ..... તારીખે, ... ખાતે ખરાઈ કરેલ છે.

સ્થળ: .....

તારીખ: ..... (એકરાર કરનારની સહી)

નોંધ: આ નમૂનામાં એકરાર કરનારને લાગુ પડતી ન હોય તેવી કોલમો છેકી શકાશે.”.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.09.09 08:57:19 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar